Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૨૦૬૫૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. /૦૭/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ મા અને ઉ.મા.શાળાઓ તરફ

આ સાથે સામેલ સંયુક્ત નાયબ શિક્ષણ નિયામકશ્રી (૧૦ + ૨ ) ગાંધીનગરના પત્ર ક્રમાંક/૮૮/વિશિષ્ટ/સ.સ.પ્રા./૨૦૨૨/૧૨૦૭-૧૨૪૦ તા.૧૯/૦૭/૨૦૨૨ સંદર્ભે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ધોરણ-૯ થી ૧૨ માટે વિશિષ્ટ ઉજવણી " સંસ્કૃત સપ્તાહ "નું આયોજન તા.૦૮/૦૮/૨૦૨૨ થી તા.૧૫/૦૮/૨૦૨૨ દરમિયાન તેમજ તા.૧૧/૦૮/૨૦૨૨ રક્ષાબંધન સંસ્કૃત દિન તરીકે ઉજવવામાં આવનાર છે,સદર બાબતે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**Commissionerate of Schools**
**Government of Gujarat**
Block No. - 9 , 1st Floor,
Dr.Jivraj Mehta Bhavan,
Gandhinagar 382 010
E-mail ID : cos.specialbranch@gmail.com Te.No. : 079 – 23254013

પત્ર ક્રમાંક:૮૮/વિશિષ્ટ/સસપા/૨૦૨૨/૧૨૦૭-૧૨૩૦
તારીખ : ૧૯/૦૭/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય : સંસ્કૃત સપ્તાહ યોજવા બાબત.
સંદર્ભ : ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ પત્ર ક્રમાંક : હિ/૨૦૨૨/૨૬૩ તા.૦૧/૦૭/૨૦૨૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય સંદર્ભે પરત્વે જણાવવાનું કે આપની તાબા હેઠળની તમામ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા ન હોય તેવા વિદ્યાર્થીઓને પણ આપની કક્ષાએથી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ધોરણ ૯ થી ૧૨ માટે વિશિષ્ટ ઉજવણી ' સંસ્કૃત સપ્તાહ'નું આયોજન તા. ૦૮/૦૮/૨૦૨૨ થી તા. ૧૫/૦૮/૨૦૨૨ દરમિયાન તેમજ તા.૧૧/૦૮/૨૦૨૨ રક્ષાબંધન સંસ્કૃત દિન યોજાનાર છે.

આ સાથે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના તારીખ : ૧/૦૭/૨૦૨૨ પત્ર સામેલ રાખી મોકલવામાં આવે છે.સદર પત્રમાં જણાવ્યા મુજબ સંસ્કૃત સપ્તાહનું આયોજન કરવાનું રહેશે.

~~નાયબ~~ શિક્ષણ નિયામકશ્રી
(૧૦+૨)
ગુ.રા. ગાંધિનગર

બિડાણ ;-
--- ઉપર મુજબ પત્ર

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગ-૩ સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ
સેક્ટર – ૧૨ ગાંધીનગર
Email:-grsbg2020@gmail.com

જા.નં.હિ/૨૦૨૨/ ૨૬૩

કમિશનર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
શાખા : 16003
આ.નં. :

તા.૦૧/૦૭/૨૦૨૨

પ્રતિ,
કમિશનરશ્રી,
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર.

વિષય: સંસ્કૃત સપ્તાહ યોજવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સસક/૧૦૧૯/૧૧૪/છ, સચિવાલય, ગાંધીનગર તા.૨૬/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં ઉપલબ્ધ જ્ઞાન અને દ્રષ્ટિનો પ્રચાર - પ્રસાર કરવાનો છે. સંસ્કૃત ભાષા અને સાહિત્યના અભ્યાસને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવાનો છે. સંસ્કૃત ભાષાના લાભ અને અભ્યાસનો સમગ્ર રાજ્યમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષા સુધી પ્રચાર – પ્રસાર કરવાનો છે. સંસ્કૃત ભાષા વિષયક વિવિધ કાર્યક્રમો માટે વિવિધ સંસ્થાઓ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા ન હોય તેવા વિદ્યાર્થીઓને પણ પ્રવૃત્તિઓમાં સાંકળીને રાજ્યના સમસ્ત યુવા સમુદાયને જોડવાનો છે. તાલીમ, શિબિર, પરિસંવાદ, વર્કશોપ, પ્રદર્શન પરિષદો વગેરેનું આયોજન કરવાનો છે. સંસ્કૃત ભાષા ક્ષેત્રે અભ્યાસ અને સંશોધનની જરૂરિયાત અંગે ભલામણ તેમજ સાહિત્યના પ્રકાશનનું આયોજન કરવાનો છે. વૃદ્ધો, મહિલાઓ, પ્રૌઢો, બાળકો તથા તમામ વયજૂથને અનુરૂપ સંસ્કૃત ભાષા વિષયક કામગીરી કરવાની રહેશે. રાજ્યના યુવાનો સંસ્કૃત ભાષાના અભ્યાસમાં રસ – રુચિ લેતા થાય, સંસ્કૃત ભાષાનું મહત્વ સમજે તે મુજબના કાર્યક્રમો કરવાના છે. આ કાર્યક્રમો માટે ગુજરાત રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આપના દ્વારા જરૂરી જાણ તેમજ સૂચના આપવા વિનંતી છે.

ઓગષ્ટ માસમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ધોરણ ૯ થી ૧૨ માટે 'સંસ્કૃત સપ્તાહ'નું આયોજન કરવા જઇ રહ્યા છીએ. તો તે કાર્યક્રમ અસરકારક રીતે થાય તે માટે ગુજરાત રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આ બાબતની જાણ કરવા હાર્દિક વિનંતી છે. સંસ્કૃત સપ્તાહ તા.૦૮/૦૮/૨૦૨૨ થી તા.૧૫/૦૮/૨૦૨૨ દરમિયાન યોજાનાર છે. તા.૧૧/૦૮/૨૦૨૨ રક્ષાબંધન સંસ્કૃત દિન છે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંકલન માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના મદદનીશ અધિકારી શ્રી દેવદત્ત પંડ્યાનો ૯૯૭૪૯૦૧૩૪૧ પર સંપર્ક કરવાનો રહેશે.

નોંધ: શાળા પોતાની અનુકુળતા મુજબ સંસ્કૃત દિવસની ઉજવણી શકશે

આપનો વિશ્વાસુ

ખાસ ફરજ પરના અધિકારી (OSD)
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,
સેક્ટર – ૧૨, ગાંધીનગર